# -:આજે ગણેશચતુર્થી : સ્વસ્તિક ગણપતિનું ગણપતિનું સમાનાર્થ કેવીરીતે ? :-

આધ્યાત્મપ્રધાન ભૂમિ ભારત દેશના વાસીઓ વિવિધ તહેવારોની ઉજવણી ધૂમધામથી કરે છે. રોજિંદા જીવન વ્યવહારમાં આવતા દરેક પ્રસંગો તેમજ તહેવારોની ઉજવણીમાં “શ્રી ગણેશ” અથવા “સ્વસ્તિક” ને આગવું સ્થાન છે. શુભ-શુકનની નિશાની તરીકે પણ સ્વસ્તિક બનાવવામાં આવે છે. વાસ્તવમાં ગણેશજી સાથે સ્વસ્તિકનો શો મેળ હશે ?

“સ્વસ્તિક” શબ્દનો અર્થ છે – ‘શુભ’, ‘મંગલકારી’, માટે વિધ્ન વિનાશક ગણપતિનું સમાનાર્થક છે.

સ્વસ્તિક વાસ્તવમાં સમસ્ત જ્ઞાનનો સાર ચિત્રિત કરે છે તેની વચ્ચેની બે રેખાઓ જે પરસ્પર એકબીજાને સમકોણ પર વિચ્છેદ કરે છે. તે કોઈ એક વ્રતનાં બે વ્યાસોની બરાબર છે. જે તે વ્રતને ચાર ભાગોમાં એવીરીતે વેંચે છે જે પરસ્પર વિપરીત દિશામાં છે માટે દાર્શનીક દ્રષ્ટીકોણથી વિપરીત સામાજીક – રાજનેતિક – ધાર્મિક સ્થિતિનો સંકેતક છે. સ્વસ્તીકની ચાર ભુજાઓ આ ચાર વિપરીત દિશાઓ અને દશાઓને બતાવે છે. સૌથી ઉપરની જમણી બાજુની ભુજા સતોપ્રધાનતા, પવિત્રતા, સુખ અને શાંતિની સ્થિતિની નિશાન છે. માટે સૃષ્ટિચક્રના સર્વપ્રથમ યુગ સતયુગને ચિત્રિત કરે છે પછીની જમણી બાજુની નીચેની દિશા બતાવતી ભુજા ધીરેધીરે પવિત્રતા, સુખ, શાંતિની કળાઓને હ્રાસ બતાવતી ત્રેતાયુગની નિશાની છે જેમાં સાત્વિકતા, પવિત્રતા, સુખ, શાંતિ ખુબ જ ઓછી માત્રામાં ખત્મ થાય છે.

ત્યારપછી ડાબી દિશામાં સંકેત કરતી ભુજા એ વાતને ચિત્રિત કરે છે કે ત્રેતાના અંતમાં દેવતાઓ વામ માર્ગમાં ગયા, ધર્મની ગ્લાનિની શરૂઆત થઇ, જીવનમાં અપવિત્રતા, દુ:ખ અને અશાંતિએ પ્રવેશ કર્યો. સમાજમાં અનેક ધર્મ અનેક ભાષાઓ અને અનેક વાદની શરૂઆત થઇ. પરીણામ સ્વરૂપ લડાઈ-ઝઘડા, ધૃણા, નફરત વગેરે દિવસે દિવસે વધવા લાગ્યા.

ત્યાર પછી સ્વસ્તિકની ચોથી ભુજા જે ડાબી બાજુ ઉપરની દિશા તરફ ઉઠી, તે બુરાઈઓ, લડાઈ, પાપાચાર, અત્યાચાર, વિકારોના વધવાની નિશાની છે. કળીયુગના અંતમાં અજ્ઞાનતા, પાપાચાર અને નરસંહારની પરિસ્થતિ સર્જાય છે. સંપૂર્ણ તમોપ્રધાન સૃષ્ટિમાં પશુ પંખી તથા પ્રકૃતિના તત્વો પણ તામસિક બની દુખ:દાઈ બની જાય છે.

ધર્મગ્લાનિની આ વેળાએ પરમાત્મા અવતરણ કરી જ્ઞાન અને યોગની શિક્ષા આપે છે. ફરીથી સતયુગની સ્થાપના કરે છે, મનુષ્યને દેવતા બનાવે છે, નરને શ્રીનારાયણના પદના અધિકારી બનાવે છે.

આ રીતે સ્વસ્તીક વિશ્વના ત્રણે કાળોનો ઇતિહાસ તથા આત્માઓના આવાગમન (જન્મ-મરણ)ના ચક્રના રહસ્યને ખોલે છે. આ રહસ્યને જાણી લેવાથી મનુષ્યનું કલ્યાણ થઇ જાય છે. અમંગલ-મંગલમાં, અશુભ-શુભમાં અને અનીષ્ટ – નિર્વિઘન્તામાં પરીવર્તિત થાય છે માટે જેમ ગણપતિ જ્ઞાનનિષ્ઠ અવસ્થાનું પ્રતિક છે, તેમ સ્વસ્તિકા પણ જ્ઞાનને એક રેખાચિત્ર દ્વારા એક દૃષ્ટિમાં જ સમજાવી દે છે, માટે લોકો તેને શ્રીગણેશ જ કહે છે. જેમ તેઓ હર શુભ કાર્યમાં અથવા ધાર્મિક આયોજનમાં શરૂઆતમાં ગણપતિનું પૂજન કરવા લાગ્યા તેવી જ રીતે આ રેખાકાર ચિત્ર પણ ખાતાની શરૂઆતમાં, ભૂમિપૂજન સમયે, ગૃહ પ્રવેશ સમયે તથા દરેક

મંગળ પર્વના સમયે કરવા લાગ્યા.  તેની સાથે સાથે કળશ અને નારિયેળનો પણ પ્રયોગ કરવા લાગ્યા.  કારણકે પરમપિતા પરમાત્મા જ્યોતિસ્વરૂપની આકૃતિ પણ નાળીયેર જેવી છે.  જ્ઞાન સાગર પિતાએ સાગરને ગાગરમાં બંધ કરવાની વિધિ અનુસાર નર-નારીઓને જ્ઞાન કળશ આપ્યો અને સ્વસ્તિકારુપી ચક્રની જેમ સૃષ્ટિ ચક્રનું પણ જ્ઞાન આપ્યું.  આ બધા રહસ્યોને સમજી હવે આપણે સ્વસ્તિક દ્વારા સૃષ્ટી ચક્રનું જે જ્ઞાન સ્પષ્ટ થાય છે અને ગણપતિ અથવા પ્રજાપિતા બ્રહ્મા જે કારણે જ્ઞાનિઓમાં સર્વશ્રેષ્ઠ થયા, તે જ્ઞાનને હવે સાંભળીએ અને સમજીએ.

*****